# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : શિતલ વૈષ્ણવ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

તારીખ- ૨૨-૦૬-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫

---

## પ્રધાનમંત્રી-શેખ હસીના-દ્વિપક્ષીય ચર્ચા :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીના સાથે દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ આપવા વ્યાપક મંત્રણા કરી. ભારત અને બાંગ્લાદેશ અનેક મુદ્દાઓ પર અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા.રાષ્ટ્રપતિ ભવનમાં બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રીને ગાર્ડ ઑફ ઑનર આપવામાં આવ્યું હતું.તેઓ શ્રીમોદી સાથે દ્વિપક્ષીય ચર્ચાવિચારણા કરવાની સાથે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ તેમજ વિદેશમંત્રી ડૉ. એસ.જયશંકર સાથે મુલાકાત કરી હતી.

RNU અમદાવાદ

---

## ભગવાન જગન્નાથ-જળ યાત્રા :

આજે ભગવાન જગન્નાથની 147 મી રથયાત્રા અંતર્ગત તેના પ્રથમ પગલે પરંપરાગત રીતે આજે જમાલપુર જગન્નાથજી મંદિર ખાતેથી જળયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.આ જળયાત્રા દ્વારા સાબરમતી નદીનાં સોમનાથ ભૂદરના આરેથી 108 કળશોમાં જળ લાવી ભગવાન જગન્નાથજીનો મંદિર ખાતે જળા અભિષેક કરવામાં આવ્યો. આજથી રથયાત્રાના પ્રથમ ચરણનો પ્રારંભ થયો છે.આજના આ અવસરે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી,સંતો સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

RNU અમદાવાદ

---

## પરીક્ષા-મુલતવી :

સંયુક્ત CSIR-UGC-NET જૂન 2024ની પરીક્ષા અનિવાર્ય સંજોગો અને માળખાકીય વ્યવસ્થાઓને કારણે મુલતવી રાખવામાં આવી છે.

આ પરીક્ષા 25 થી 27 જૂન-2024 દરમિયાન યોજાવાની હતી.રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા NTA એ જણાવ્યું હતું કે આ પરીક્ષા માટેનું નવું સુધારેલું સમયપત્રક સત્તાવાર વેબસાઇટ દ્વારા હવે પછીથી જાહેર કરવામાં આવશે.NTA એ કહ્યું છે કે કોઈપણ પ્રશ્ન અથવા સ્પષ્ટતા માટે ઉમેદવારો સંસ્થાના હેલ્પ ડેસ્ક નંબર – 011- 40759000 અને 011-69227700 પર સંપર્ક કરી શકે છે.

RNU અમદાવાદ

---

## ખોરાક અને ઔષધ નિયમન વિભાગ :

તાજેતરમાં હોટલ અને રેસ્ટોરાંઓના ખોરાકમાંથી જીવ જંતુઓ, ઉંદર અને દેડકા નિકળવાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યાં છે.

આવા વધતા કિસ્સાઓને ધ્યાનમાં રાખીને રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન વિભાગના કમિશ્નર ડો.હેમંત કોશિયા દ્વારા જણાવાયું છે કે કોઇ ગ્રાહક હોટલ અને રેસ્ટોરામાં જમવા જાય ત્યારે તેના રસોડા અને સાફસફાઇની પણ ચકાસણી કરી શકે છે.તેમજ જે ખોરાક આવે તેની ચકાસણી કરીને જ તેને આરોગવાની સલાહ આપવામાં આવી છે.આવા જો અખાદ્ય ખોરાક આવે તો કોર્પોરેશન,નગરપાલિકા અને જીલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રને જાણ કરી શકે છે.જોકે હોટલ અને રેસ્ટોરાં સંચાલકોને પણ સાફ સફાઇ અને રસોડાની સ્વચ્છતા રાખવા માટે તાકિદ કરવામાં

આવી છે.જો તેમાં શરતચૂક થશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે તેવું તેમણે જણાવ્યું હતું.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------------------------

## વિશ્વ ઊંટ દિવસ:

કચ્છમાં કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન દ્વારા દર વર્ષે 22 જૂનના વિશ્વ ઊંટ દિવસની ઉજવણી થાય છે.યુનાઇટેડ નેશન્સ દ્વારા વર્ષ 2024 આંતરરાષ્ટ્રીય કેમલિડસના વર્ષ તરીકે જાહેર કરેલો છે.ત્યારે કચ્છના ઊંટપાલકો સાથે કચ્છ ઊંટ મહોત્સવ તરીકે કચ્છ અને ગુજરાતમાં ઊંટ માલધારીઓ સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.વિશ્વ ઉંટ દિવસને અનુલક્ષીને ભુજના ટાઉન હોલ ખાતે માલધારીઓને કનડતાં જટિલ પ્રશ્નોના નિરાકરણ માટે ચિંતન કરવા સામાન્ય સભાનું આયોજન કરાયું હતું.

NP-શીતલ વૈષ્ણવ

---------------------------------------------------------------------------------------------

## પોલીયો ઝુંબેશ :

ભારત પોલીયીમુક્ત થઇ ગયેલ છે.પરંતુ હજુ પણ કેટલાક દેશોમાંથી પોલોયો નાબુદ ન થયો હોવાથી તે ફરીથી ફેલાવાની શક્યતા રહેલી છે.ત્યારે આવતીકાલે ૨૩ જુન પોલીયો ઝુંબેશ દિવસ તરીકે રાજ્યના તમામ જીલ્લા-કોર્પોરેશનમાં ઉજવવામાં આવશે.૦ થી ૫ વર્ષના દરેક બાળકને પોલીયોના ટીપાં પીવડાવવા કચ્છમાં પણ વિવિધ સ્થળોએ આયોજન કરાયું છે.

NP-શીતલ વૈષ્ણવ

---

## ગ્રામીણ ડાક અધિવેશન :

ભારતીય ગ્રામીણ ડાક કર્મચારીઓનું એક અધિવેશન આવતીકાલે રવિવારના સવારે ૧૦ કલાકે આંબેડકર ભવન હોલ,હોસ્પિટલ રોડ મધ્યે યોજાનારું છે.અધિવેશનમાં સર્કલ સેક્રેટરી જગદીશ લશ્કરીની અધ્યક્ષતામાં યોજાશે.કચ્છના તમામ જીડીએસ બીપીએમને હાજરી આપવા ડાક કર્મચારી અધિવેશનમાં જણાવાયું છે.

**NP-શીતલ વૈષ્ણવ**

---

## ક્રિકેટ :

T20 પુરુષ વિશ્વ કપ ક્રિકેટની સુપર 8 મેચમાં આજે ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે.આ મેચ એન્ટીગુઆના નોર્થ સાઉન્ડના સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં રાત્રે 8 વાગ્યે રમાશે.આકાશવાણી પરથી આ મેચનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

---